CEPT UNIVERSITY
CENTRE FOR URBAN EQUITY

# “સુરક્ષિત અને સમન્વિત શહેરો”

## ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ

**પ્રોજેક્ટ નોંધ**

સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (CUE), સી.ઈ.પી.ટી. (CEPT) યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલેપમેન્ટ (IHD) ને 'ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ' ના વિષય પર સંશોધન માટે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર (IDRC), કેનેડા અને ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (DFID), યુ.કે. દ્વારા "સેફ એન્ડ ઇન્ક્લુઝિવ સિટિઝ (SAIC)" ના વૈશ્વિક કાર્યક્રમ હેઠળ ત્રણ વર્ષનો પ્રોજેક્ટ ફાળવવામાં આવેલ છે. આ સંશોધન કુલ ચાર શહેરોમાં આયોજિત કરવામાં આવેલ, જેમાં CUE દ્વારા અમદાવાદ અને ગુવાહાટી શહેરોને અને IHD દ્વારા દિલ્હી અને પટણા શહેરોને આવરી લેવામાં આવ્યા છે. ભારતીય શહેરોમાં બહિષ્કૃત શહેરી આયોજન અને શાસન કેવી રીતે ગરીબ પર અને ગરીબો દ્વારા હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે તેનું વિશ્લેષણ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

CUEના સંશોધનમાં માળખાગત હિંસા (સાધનસામગ્રીની વંચિતતા, અસમાનતા), પ્રત્યક્ષ હિંસા (પ્રત્યક્ષ રીતે પહોંચાડવામાં આવેલી શારીરિક કે માનસિક ઈજા), તકરાર અને વિવિધ પ્રકારના ગુનાની શહેરી આયોજન અને શાસન સાથેની કડીઓને ચકાસતો વિસ્તૃત અભિગમ લેવામાં આવ્યો છે. અહીં નોંધ લેવી જરૂરી છે કે તમામ પ્રકારની હિંસાને ગુના માનવામાં આવતા નથી (ઉદાહરણ તરીકે, સરકાર દ્વારા થતી હિંસા), તેમજ તમામ પ્રકારના ગુનાને હિંસા માનવામાં આવતી નથી (જેમકે, ચોરી).

ગુજરાત રાજ્યનાં સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આ સંશોધનમાં બે ગરીબ વિસ્તારોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છેઃ શહેરના દક્ષિણ વિભાગમાં સ્થિત મુસ્લિમ વસ્તી ધરાવતો અનૌપચારિક વિસ્તાર એવો બોમ્બે હોટલનો મહોલ્લો, તેમજ વિવિધ શહેરી પ્રોજેક્ટ્સને કારણે હટાવી દેવાયેલ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટે વપરાયેલા શહેરના અગ્નિ ખૂણે સ્થિત વટવામાં જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (BSUP) કાર્યક્રમ હેઠળ બનાવવામાં આવેલ સરકારી આવાસો.

**CUE સંશોધન ટીમ (અમદાવાદ):**દર્શિની મહાદેવિયા, રેણુ દેસાઈ, શચિ સંઘવી, સુચિતા વ્યાસ, રફી મલેક, મોહમદ શરીફ મલેક

## અમદાવાદ પૉલિસી બ્રીફ ૯

## બોમ્બે હોટલ: સ્ત્રીઓ પ્રત્યે જાતિગત અસુરક્ષા અને હિંસા

ભારતીય શહેરોમાં રહેતી વિશાળ સંખ્યાની મહિલાઓએ પોતાના ઘરની અંદર તેમજ બહાર હિંસાનો ભોગ બનવું પડે છે તેમજ જાહેર સ્થળોએ તેમને અસુરક્ષા અનુભવાય છે. આ માન્યતા વધી રહી છે. આ અનુભૂતિ માટે પિતૃપ્રધાન ધારાધોરણો અને મહિલાઓ પ્રત્યે જાતિગત પૂર્વગ્રહ મુખ્ય કારણો છે. જો કે, ઘરની બહારનાં પરિબળો પણ શહેરમાં મહિલાઓ માટે સલામત અને અસલામત સ્થળો પેદા કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમ કે, આવાસનું સ્થળ

અને પ્રકાર, માળખાગત સવલતો અને સેવાઓની પૂરતી જોગવાઈ, પૂરતા અને સલામત પરિવહનની જોગવાઈ તેમજ સક્રિય પોલિસસેવા. આ બાબતો મહિલાઓની સ્રોત અને તકની સુલભતાને વિસ્તારે છે કે સંકોચે છે. જાતિ



ઉપરાંત વર્ગ અને નાતજાત અને ધર્મ પણ મહત્ત્વનાં બની રહે છે. અહીં બોમ્બે હોટલ વિસ્તારમાં મહિલાઓની જાતિગત અસલામતી અને હિંસાનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં ગરીબ અને ઓછી આવકવાળાં આશરે પચીસ હજાર મુસ્લિમ પરિવારો છે. અમદાવાદના દક્ષિણ છેડે અનૌપચારિક વ્યાપારી રહેણાંક વિસ્તાર તરીકે આ વિસ્તાર વિકસ્યો છે. (જુઓ બોક્સ ૧).

બોમ્બે હોટલ વિસ્તારમાં રહેતી મહિલાઓ વિવિધ પ્રકારની હિંસાનો સામનો કરી રહી છે, જેમાં હુમલા, બળાત્કાર, જાતીય સતામણી અને ચોરીનો સમાવેશ થાય છે. આમાંની ઘણા પ્રકારની હિંસા આ વિસ્તારમાં જ થાય છે અને ઘણી મહિલાઓને આ વિસ્તારમાં બહાર નીકળતાં સતત ડર લાગે છે. મહિલાઓને યોગ્ય અને સલામત બસ સુલભ નથી અને અનેક મુસાફરો ભરેલી રીક્ષાઓમાં તેમને સંપૂર્ણ સલામતી લાગતી નથી.

**બોક્સ ૧:**

શહેરના દક્ષિણ છેડે, જુહાપુરાથી રામોલ સુધીનો વિસ્તાર હાંસિયામાં ધકેલાયેલા મોટી સંખ્યાના મુસ્લિમોની 'વસાહત' બની જવાની પ્રક્રિયાનો બોમ્બે હોટલ વિસ્તાર નમૂનો છે. શહેરના હિંદુ અને મુસ્લિમો વચ્ચે સામાજિક વિભાજન તીવ્ર બનવાનો આરંભ ૧૯૮૦ના દાયકાના મધ્યથી થયો. અને ૨૦૦૨ના ગોધરાકાંડ પછી તે ઘટ્ટ બન્યો. હિંદુઓની બહુમતિવાળા વિસ્તારોમાં મુસ્લિમો સાથેના ભેદભાવ અને કોમી રમખાણના ડરે મુસ્લિમ વિસ્તારમાં સલામતી અનુભવવાની મુસ્લિમોની લાગણીને કારણે આમ બન્યું. આને કારણે શહેરના અમુક વિસ્તારો મુસ્લિમોના વિસ્તાર બન્યા. તેમાં બોમ્બે હોટલ જેવો વિસ્તાર ગરીબ અને ઓછી આવક ધરાવતા મુસ્લિમ કુટુંબોનો નિવાસ બન્યો. અહીં બિલ્ડરોએ ખેડૂતો પાસેથી અનૌપચારિક ધોરણે જમીન ખરીદી, તેનું પ્લોટમાં વિભાજન કર્યું અને આયોજન તેમજ વિકાસ અંગે અ.મ્યુ.કો.ની પરવાનગી વિના અનૌપચારિક રીતે સોસાયટીઓ બાંધી દીધી. અને વધુ ગરીબ મુસ્લિમ કુટુંબોને એ વેચી દીધી. પરિણામે અ.મ્યુ.કો.એ પાણી, ગટર, રોડ અને સ્ટ્રીટ લાઈટ જેવી મૂળભૂત સેવાઓ આ વિસ્તારમાં આપવાનો ઈન્કાર કર્યો. પરવાનગીના તેમજ મંજૂર થયેલી ટાઉન પ્લાનિંગ સ્કીમના અભાવને તેમણે આના કારણ તરીકે દર્શાવ્યું.* આને કારણે રાજ્ય સિવાયના પાણી અને ગટરની સેવા પૂરી પાડનારા લોકોનો ઉદભવ થયો. ઘણા બિલ્ડરો અને સેવા પૂરી પાડનારાઓ ગુંડા તત્વો છે કે તેમની સાથે સંપર્ક ધરાવતા છે. આ વિસ્તારના કે આસપાસના ઘણા ગુંડાઓ દારૂ અને જુગારના અડ્ડાઓ ચલાવવા કે નશીલા દ્રવ્યો વેચવા જેવી અનૈતિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા છે. આમાંના ઘણા લોકોના સંપર્કો રાજકારણીઓ અને પોલિસ સાથે છે. આને કારણે સત્તાના સ્થાનિક માળખાં અને સમીકરણોનું સર્જન થયું છે. આ વિસ્તાર પર હેરાનગતિ, ધમકી અને બળજબરી દ્વારા તેમનું વર્ચસ્વ છે. આ વિસ્તારમાં મહિલાઓ આ કારણે હિંસા અને અસલામતીનો સામનો કરી રહી છે.

* આ વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ ૩૮/૧નો મુસદ્દો ૨૦૧૬ અને ટી. પી. એસ. ૩૮/૨ નો મુસદ્દો ૨૦૦૯માં મંજૂર થયા અને ૨૦૧૩ના અંત સુધીમાં તેના અમલીકરણનો આરંભ થયો.

આથી મહિલાઓ જાહેરમાં આવતાં પાછી પડે છે અને પોતાના વિસ્તારની શેરીઓમાં અને અન્ય ખુલ્લી જગાઓમાં તે નીકળતી નથી. તે જાહેર પરિવહનનો ઉપયોગ કરતી નથી. મુસ્લિમ સમુદાયના મોટા સમૂહમાં મહિલાઓ પર લદાતાં સાંસ્કૃતિક બંધનોને કારણે આ સ્થિતિમાં વધારો થાય છે. બોમ્બે હોટલ વિસ્તારની મહિલાઓનું જીવન આ કારણે સમાજ, પરિવાર, ગરીબી  તેમજ અસામાજિક તત્ત્વો સામેના સંઘર્ષ સમાન બની રહેલ છે.

**અપૂરતા પરિવહનને કારણે બિનસલામત આવનજાવન**

શહેરમાં મહિલાઓની સલામત આવનજાવનની સુનિશ્ચિતતા માટે જાહેર પરિવહનની નિયમિતતા, જોડાણ, અને સલામતીનાં ઘટકો આવશ્યક છે. બસના ઘણા રુટ બોમ્બે હોટલને શહેરના વિવિધ ભાગો સાથે જોડે છે. જો કે, આ વિસ્તારના રહીશોને વધુ પોષાઈ શકે એવી અ.મ્યુ.ટ્રા.સ.ની બસો અનિયમીત અથવા સાવ ઓછી અથવા બન્ને પ્રકારની છે. બી.આર.ટી.એસ. નિયમીત અને વધુ ઉપલબ્ધ છે, પણ તે પોષાય એવી નથી. મહિલા રહીશોએ જણાવ્યું કે સવારમાં બસો પુરુષોથી ભરાયેલી હોય છે. એ સમયે બસમાં જતાં પોતાને ચોરી અને જાતીય સતામણીનો ડર લાગે છે. બે યુવતીઓએ સમજાવ્યું કે તેમને બસમાં કોઈ પુરુષ દ્વારા હેરાનગતિ થતી હતી. પણ પોતાનાં પરિવારજનોને તે આ જણાવતી ન હતી. કેમ કે, એ સાંભળીને તેઓ તેમને એકલી બહાર જવા ન દે. બસના ડ્રાઈવરો કે કંડકટરો મહિલાઓ દ્વારા થતી ફરિયાદોને ધ્યાને લેતા નથી. ભીડને કારણે મહિલાઓએ આખી મુસાફરી સતત ઉભા ઉભા કરવી પડતી હોવાની પણ ફરિયાદ કરી.

જાહેર પરિવહનની આવી ખાસિયતોને કારણે બોમ્બે હોટલ વિસ્તારની મોટા ભાગની મહિલા રહીશો શટલ/અનેક મુસાફરો ધરાવતી રીક્ષાઓ જેવી વચગાળાની પરિવહન વ્યવસ્થા પર આધારીત છે. આ ઓટોરીક્ષાઓ નિર્ધારીત રુટ પર નિર્ધારીત ભાડા (મીટરથી ભાડું ગણવાને બદલે) પર ચાલે છે. તેમાં ગેરકાનૂની રીતે આઠ મુસાફરોને (અધિકૃત પરવાનગી ચાર મુસાફરોની હોવા છતાં) ઠાંસવામાં આવે છે. પાછલી સીટમાં ૪-૫ મુસાફરો અને ડ્રાઈવરની પડખે આગળ ૩-૪ મુસાફરો ભરેલા હોય છે. શટલ રીક્ષાઓ બી.આર.ટી.એસ. કરતાં સોંઘી હોય છે. અ.મ્યુ.ટ્રા.સ. કરતાં તે ઓછો સમય લે છે અને મુસાફરી દરમિયાન તેમાં બેસી શકાય છે. છતાં મહિલાઓ ડ્રાઈવર કે સહપ્રવાસીઓ દ્વારા જાતીય સતામણી વેઠવાની ફરિયાદ કરે છે. મહિલાઓએ કહ્યું કે ડ્રાઈવરો તેમના તરફ રીઅર વ્યૂ મીરરમાંથી જોયા કરીને કે મોટે મોટે સંગીત વગાડીને તેમને હેરાન કરે છે. પુરુષ સહપ્રવાસીઓ તેમને પોતાની કોણી અડકાડીને વારંવાર જાતીય સતામણી કરે છે. મહિલાઓએ કહ્યું કે તેઓ એવી શટલ રીક્ષામાં સલામતી અનુભવે છે કે જેનો ચાલક પરિચીત હોય. કારણ કે આ પરિચીત ડ્રાઈવરો પીધેલા કે એલફેલ માણસોને વાહનમાં બેસાડતા નથી. ઘણી મહિલાઓ એવી રીક્ષા આવે ત્યાં સુધી રાહ જોવાનું પસંદ કરે છે કે જેની પાછલી સીટમાં બધી મહિલાઓ જ હોય. ડ્રાઈવર પણ પોતાની રીક્ષા ભરાઈ જાય ત્યાં સુધી રાહ જુએ છે. આને કારણે થતા વિલંબથી તેમને કામના સ્થળે મોડા પડવાની ચિંતા થાય છે. કપડાંની ફેકટરી જેવાં કાર્યસ્થળોએ તેઓ મોડી પડે તો તેમનો અડધા દિવસનો પગાર કપાઈ જાય છે.

શાળાએ જતી છોકરીઓને પણ શટલ રીક્ષાના ડ્રાઈવરો દ્વારા હેરાનગતિ થાય છે. એક રહીશે એક કિસ્સો જણાવ્યો. તેની ભત્રીજીને એક ડ્રાઈવર હેરાન કરતો હોવાથી તેને શાળામાંથી ઉઠાડી લેવી પડી.

"અહીંથી મુખ્ય માર્ગ સુધી તે શટલમાં જતી અને ત્યાંથી દાણી લીમડા સુધી બીજા શટલમાં જતી. ત્યાંથી ચાલતી તે શાળાએ જતી. ડ્રાઈવર તેના પર નજર રાખતો અને તે રીક્ષામાં હોય ત્યારે બીજા કોઈ મુસાફરને ન બેસાડતો. તેને તે સતાવતો અને રોજ અલગ અલગ રુટથી લઈ જતો. ડરને કારણે તેણે શાળાએ જવાનું બંધ કરી દીધું."

**ભયજનક બંધાયેલ વાતાવરણ**

આ વિસ્તારની ખુલ્લી જગાઓનું વાતાવરણ અનેક કારણોસર ભયજનક છે. તેને કારણે મહિલાઓ માટે વિવિધ પ્રકારની હિંસા, જોખમ અને અસલામતીઓ પેદા થાય છે.

**રોડની ખરાબ હાલત**

બોમ્બે હોટલ વિસ્તારમાં વરસોથી રોડ બિસ્માર હાલતમાં છે. સાવ ઓછા રોડ પાકા કરવામાં આવ્યા છે અને ત્યાર પછી લગભગ કોઈની જાળવણી કરવામાં આવી નથી. (તાજેતરમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ કેટલાક રોડ પાકા કરાઈ રહ્યા છે.) ગટરની અપૂરતી સગવડને લઈને, ખાસ કરીને ચોમાસામાં પાણીનો ભરાવો થઈ જાય છે. રોડની ખરાબ હાલતમાં આ બાબત વધારો કરે છે. રહીશોને આનાથી અસુવિધા તો થાય જ છે, એ ઉપરાંત તેમના માટે આરોગ્યનું જોખમ પણ ઉભું થાય છે. આ વિસ્તારમાં હોસ્પિટલનો અભાવ છે અને રોડની ખરાબ હાલતને કારણે એમ્બ્યુલન્સ કે અન્ય વાહનો આ વિસ્તારમાં પ્રવેશવાનો ક્યાંતો ઈન્કાર કરે છે કે સમયસર દરદી પાસે પહોંચી શકતા નથી. સગર્ભા સ્ત્રીઓ નિયમીતપણે આ સ્થિતિનો સામનો કરે છે. આને કારણે કેટલીક સ્ત્રીઓએ હોસ્પિટલ જતાં રસ્તામાં બાળકને જન્મ આપી દીધો હોવાના કિસ્સા છે.



અંદરના રસ્તાની ફક્ત દીવાબત્તી જ ચાલુ નથી.

**અપૂરતી માળખાકીય સવલતો અને સેવાઓ**

સાવ ઓછા રોડ પર સ્ટ્રીટ લાઈટો છે અને ઘણી સ્ટ્રીટ લાઈટો ચાલતી નથી. આંતરિક ગલીઓમાં મોટે ભાગે સ્ટ્રીટ લાઈટો નથી. (સ્ટ્રીટ લાઈટોનું કામ ૨૦૧૪-૧૫થી શરૂ થયું છે, પણ તે બહુ ધીમું છે.) આને કારણે ખાસ કરીને મહિલાઓ માટે ભયજનક વાતાવરણ ઉભું થયું છે અને તે અંધારામાં આવનજાવન કરી શકતી નથી.

ઘન કચરાના નિકાલના યોગ્ય વ્યવસ્થાપનના અભાવને કારણે ખુલ્લી જગાઓમાં તેના ઢગલા ઠલવાયેલા જોવા મળે છે. આવી જગાઓ સહેલાઈથી જુગારની પ્રવૃત્તિ અને દારૂના વેચાણ/સેવન માટે વપરાવા લાગે છે. તળાવોની નજીક સ્ટ્રીટ લાઈટના સંપૂર્ણ અભાવને કારણે આવી પ્રવૃત્તિઓ બેરોકટોકપણે વકરે છે. એક તળાવ પાસે અડધા બંધાયેલા ટેનામેન્ટ પણ છે, જેનો કબજો દારૂ અને જુગારના અડ્ડાવાળાઓએ લઈ લીધો છે. ઘણી મહિલાઓને ડર લાગે છે કે આ સ્થળેથી તેઓ પસાર થશે તો તેમને લૂંટી લેવામાં આવશે અથવા તેમની જાતીય સતામણી થશે.

### અસામાજિક પ્રવૃત્તિઓ

આ વિસ્તારમાં જુગાર અને દારૂના અડ્ડાઓ વ્યાપક પ્રમાણમાં છે. આ અનૈતિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા લોકોનો સંપર્ક મોટે ભાગે બિલ્ડરો અને રાજકારણીઓ સાથે હોય છે. રાજકારણીઓ મોટે ભાગે તેમની પ્રવૃત્તિઓને ટેકો આપે છે, કેમ કે ચૂંટણી વખતે તેમને વળતી સહાય મળે છે. આ પ્રવૃત્તિઓમાં પોલિસ પણ ભાગીદાર છે અને તેમની પાસેથી લાંચ વસૂલે છે.

અગાઉ ચર્ચા કરી છે એમ, તળાવની બાજુમાં તેમજ અડધા બંધાયેલા ટેનામેન્ટ જેવી જગાઓએ નબળી માળખાકીય સ્થિતિને કારણે સ્થાનિક ગુંડાઓને ફાવતું જડે છે. અહીં તેઓ દારૂ, નશીલા દ્રવ્યો અને જુગારના અડ્ડા ચલાવે છે. શેરીની આસપાસ પુરુષોનાં જૂથ પણ રખડતા હોય છે અને જુગાર રમે છે. દારૂ અને નશીલા દ્રવ્યો સહેલાઈથી મળવાને કારણે નશીલી હાલતમાં પુરુષો દ્વારા સ્ત્રીઓ પર થતી હિંસામાં વધારો થાય છે. આવા લોકો જાહેર જગાએથી પસાર થતી સ્ત્રીઓને શબ્દોથી, ઈશારાથી અને શારિરીક રીતે હેરાન કરે છે.

મહિલાઓએ એ પણ ઉલ્લેખ કર્યો કે પાનના ગલ્લાઓ જેવી જગાઓએ ઉભા રહેતા નવરા યુવાનો મહિલાઓને શાબ્દિક રીતે તેમજ ચેનચાળાથી હેરાન કરે છે. સંશોધનમાં ભાગ લેનારાઓએ ચાર વર્ષની એક બાળકી પર થયેલા બળાત્કારના કિસ્સા અંગે વાત કરી. પોતાના ઘરની નજીક આવેલી દુકાને આ બાળકી નાસ્તો ખરીદવા ગઈ હતી. ત્યારે પાંચ છોકરાઓના એક જૂથે તેની પર બળાત્કાર કર્યો. એક જણે બીજો કિસ્સો જણાવ્યો. આ વિસ્તારની ખુલ્લી જગામાં ભરાયેલા મેળામાં તેની બહેનની છેડતી યુવાનોના એક જૂથે કરી હતી. એ છોકરીના ભાઈઓ ત્યાં હાજર હતા. તેમણે મારામારી કરી. પણ પછી પેલો માણસ તેમને ઘેર આવ્યો અને તેમને ધમકી આપી. તેમણે બે વખત પોલિસને ફરીયાદ નોંધાવી, પણ પોલિસે કશાં પગલાં ન ભર્યાં. તેમનાં રૂઢિચુસ્ત પરિવારો દ્વારા લદાયેલા સામાજિક-સાંસ્કૃતિક બંધનોને કારણે ઘણી સ્ત્રીઓ કામ નથી કરતી અથવા ઘેર બેસીને કામ કરવું પસંદ કરે છે. જેમ કે, ગૂંથણ, પતંગ બનાવવી વગેરે...અને સતામણીના ડરે ઘરની બહાર નીકળતાં પણ તેઓ ડરે છે.

પોતાના વિસ્તારની અંદર સલામત આવનજાવનના અભાવને કારણે મહિલાઓ સમાધાનકારી વલણ અપનાવવા પ્રયાસ કરે છે. તેઓ આવનજાવન માટેના રુટ બાબતે સાવચેત રહે છે. ઘણી મહિલાઓ જૂથમાં પ્રવાસ કરે છે અને તોફાની માણસોનો સમૂહ હોય એવાં સ્થળોએ જવાનું ટાળે છે. ઘણા પરિવારો પરિવારની મહિલાઓની આવનજાવનને મર્યાદિત કરી દે છે અને કોઈ પુરુષ સભ્યની સાથે, કે પછી સમૂહમાં જ તેમને જવા દે છે.

### ઘરેલું હિંસા

બોમ્બે હોટલ વિસ્તારમાં દારૂના અડ્ડાને કારણે ઘરેલુ હિંસા થાય છે. પુરુષો કામેથી પાછા ફરે છે, દારૂ ઢીંચે છે અને પછી પોતાની પત્ની અને બાળકોને ફટકારે છે. એક કિસ્સામાં, પોતાના પતિની દારૂની આદતથી એક મહિલા એટલી ડરી ગયેલી કે રોજ રાત્રે તે પોતાનાં બાળકોને છાપરે લઈ જતી, દરવાજો બંધ કરી દેતી અને પછી સૂઈ જતી. મહિલાઓએ પોતાના પતિને છોડવાના કે પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાના કિસ્સા પણ બન્યા હતા. પોતાના રોજની રકમ ઘરખર્ચમાં આપવાને બદલે દારૂ કે જુગારના અડ્ડે વેડફી દેવાને કારણે રહીશોના આર્થિક બોજાની સ્થિતિ પણ બદતર બની છે.

### વિશાળ સંખ્યામાં એકલા પુરુષ સ્થળાંતરીતોની હાજરી

ઘણી હાઉસિંગ સોસાયટીઓમાં નિવાસને કપડાંની નાની વર્કશોપમાં ફેરવી દેવામાં આવ્યાં છે. આ ગારમેન્ટ યુનિટના કામદારો સામાન્ય રીતે એકલા પુરુષ સ્થળાંતરીતો હોય છે. તેઓ અહીં કામ કરે છે અને રહે છે. ઘણી મહિલાઓએ પોતાના ઘરમાં કે પડોશમાં અસલામતી અનુભવવા બદલ આ કારણ તરફ નિર્દેશ કર્યો. ઉત્તર ભારતથી આવેલા કામદારો દ્વારા યુવતીઓ પર હુમલા થવાના કિસ્સાઓ મહીલા રહીશોએ જણાવ્યા. આવી સ્થિતિમાં ધાર્મિક ભેદ અને ઉગ્રતા વધી જવા પામે છે. કામદારો દારૂનો નશો કરતા હોવાને કારણે મહિલાઓને ચિંતા અને અસલામતી અનુભવાય છે. જે માલિકોએ પોતાના ટેનામેન્ટ વર્કશોપ માટે ભાડે આપ્યા હોય તેમને કેટલાક પરિવારોએ ફરિયાદ કરી. આથી માલિકોએ મોકલેલા ગુંડાઓએ તેમને ધમકાવ્યા. આ અસલામતીને હળવી કરવા માટે પરિવારો અન્ય રસ્તા શોધે છે. ઘણી મહિલાઓ પોતાનાં બાળકો કે દીકરીઓને ઘેર એકલાં મૂકી જતાં ખચકાય છે. તેઓ કાં ઘેર રહીને કરી શકાય એવું કામ કરે છે કે પછી કામ જ કરતા નથી. અન્ય લોકો એ બાબત સુનિશ્ચિત કરે છે કે પાડોશીઓ બાળકોની દેખરેખ રાખે અથવા બહાર જવાનું થાય તો તેઓ બાળકોને પોતાની સાથે લઈ જવાનું પસંદ કરે છે. એકલા રહેતા સ્થળાંતરીત પુરુષોને લઈને અસલામતી અનુભવતી મહિલાઓની સમસ્યા માટે આયોજકો અને નીતિ ઘડનારાઓએ આ સ્થળાંતરીતોની વંચિતતા બાબતે સંવેદનશીલ બનવું રહ્યું. મહિલાઓ માટે સલામતીભર્યો અવકાશ ઉભો કરવાના પ્રયાસમાં આ સ્થળાંતરીતો અકારણ ભોગ ન બને કે હાંસિયામાં ધકેલાઈ ન જાય એ ધ્યાન રાખવું રહ્યું.

### અનૌપચારિક સેવાઓ પૂરી પાડનારાઓનો ખોફ

આ વિસ્તારમાં મૂળભૂત સેવાઓની જોગવાઈ બાબતે રાજ્યની ગેરહાજરીને કારણે એવા લોકોનો ઉદભવ થયો છે જેઓ આ સેવાઓ પૂરી પાડવાને વ્યવસાયની તક તરીકે જુએ છે. આ અનૌપચારિક સેવાઓ પૂરી પાડનારાઓને પર રહીશો આધારીત હોવાથી સત્તાનાં સમીકરણો તેમની તરફ ઢળે છે. આ સેવાઓ પૂરી પાડનારાઓ સાથે રોજબરોજ મહિલાઓને પનારો પડે છે, અને તેઓ મહિલાઓને ઘણી વાર ધમકાવે છે. ખાસ કરીને બોરવેલના પાણીના ઓપરેટર બાબતે આ બાબત વધુ સાચી છે. તેમાંના ઘણા બદમિજાજી હોય છે. ઘણી મહિલાઓ એ લોકોની વર્તણૂકને શાબ્દિક અત્યાચાર કહે છે. પોતાનું માસિક શુલ્ક ઉઘરાવવા આવે ત્યારે કેટલીય વાર પાણીના ઓપરેટરો દારૂ પીધેલી કે નશીલા દ્રવ્યોની અસરમાં હોય છે. એ તેઓ ગાળાગાળી કરે છે. (પાણીની જોગવાઈ અને પાણીની વંચિતતા થકી ઉભા થતા સંઘર્ષોની વિગતે ચર્ચા માટે જુઓ પોલિસી બ્રીફ ૭).

### પોલિસ સાથે મહિલાઓનો ભયનો સંબંધ

જાતીય સતામણીના કિસ્સાઓમાં પોલિસનો સંપર્ક સાધતાં મહિલાઓ ખચકાય છે, કારણ કે તેનાથી તેમની પ્રતિષ્ઠા ખરડાય છે. સમાજમાં જાતીય સતામણીનો ભોગ બનેલાઓને મોટે ભાગે દોષિત કે કલંકીત ગણવામાં આવે છે. આથી પોલિસનો સંપર્ક કરવાને બદલે તેઓ આપમેળે જ આનો ઉકેલ લાવવો પસંદ કરે છે. મહિલાઓને મોટે ભાગે પોલિસ પર વિશ્વાસ પણ ઓછો હોય છે. પોલિસ મહિલાઓની ફરિયાદ ખાસ ધ્યાને લેતી નથી. જો કે, વિસ્તારની કેટલીક મહિલાઓ અગ્રણીઓએ રાજકીય પક્ષો અને બિનસરકારી સંગઠનો સાથેના પોતાના સંપર્કોને કારણે પોલિસ સાથેના સંપર્કો વિકસાવ્યા છે. તેઓ અન્ય મહિલાઓને પોલિસ ફરિયાદ નોંધાવવામાં સહાય કરે છે.

## પોલિસીની ભલામણો

અનૌપચારિક વ્યાપારી રહેણાંક વિસ્તાર તરીકે, શહેરના છેવાડાના ભાગમાં વિકસેલ આ વિસ્તારમાં મહિલાઓની સલામતીને સંબંધિત મુદ્દાઓમાં બે સ્તરે નીતિઓ જરૂરી છે. ૧) શહેરના સ્તરે અને ૨) સ્થાનિક સ્તરે.

### શહેરના સ્તરની નીતિઓ:

- અ.મ્યુ.કો. દ્વારા આવી વસાહતને માન્યતા તેમજ આ વિસ્તારોમાં મૂળભૂત માળખાકીય સવલતોમાં સુધારણા માટે પ્રત્યેક વસાહતમાં લોકોની સામેલગીરી સાથેની સ્થાનિક વિકાસ યોજના તૈયાર કરવી.
- આ વિસ્તારમાં મૂળભૂત સેવાઓની સક્રિયપણે જોગવાઈ કરવી, જેથી ધમકી અને હિંસાથી કામ કરતા વિવિધ સેવાઓ પૂરી પાડતા માફીયાઓની પકડ તૂટે.
- સુયોગ્ય, પોષાય એવી અને સલામત જાહેર પરિવહન વ્યવસ્થાની જોગવાઈ કરવી, જેથી મહિલાઓ શહેરમાં સલામત રીતે આવનજાવન કરી શકે.
- શહેરમાં વચગાળાની પરિવહન વ્યવસ્થા (IPT) પોષાય એવી અને સુનિયંત્રીત રીતે વિકસાવવી, જેથી જાહેર પરિવહનના રુટથી છેક છેવાડા સુધી સલામત રીતે જોડાણ મળી રહે.

### સ્થાનિક સ્તરની નીતિઓ:

- રોડની સ્થિતિમાં તેમજ તેને આનુષંગિક સ્ટ્રીટ લાઈટ જેવી માળખાકીય સવલતમાં સુધારણા.
- મ્યુનિસિપલ તંત્ર, પોલિસ અને રહીશો વચ્ચે ભાગીદારી થવી જોઈએ કે જેથી આ વિસ્તારની શેરીઓ તેમજ અન્ય ખુલ્લી જગા સારી રીતે જળવાયેલી અને સલામત બને. આ પ્રક્રિયાઓમાં મહિલાઓની સામેલગીરી અને હિસ્સેદારી મહત્ત્વની છે.
- આસપાસમાં રહેતા પરિવારો અને એકલા રહેતા સ્થળાંતરીત પુરુષો વચ્ચેના ડર તેમજ અસલામતી બાબતે આ વિસ્તારમાં સંવાદ થાય એ જરૂરી છે. રહેણાક વિસ્તાર અને ઔદ્યોગિક વર્કશોપના વિસ્તાર વચ્ચે વિભાજન થાય, એ સમસ્યાના નિરાકરણોના એક ઉપાય છે. પણ બોમ્બે હોટલ જેવા વિસ્તારમાં તેનો વ્યવહારુ અમલ કેવી રીતે કરવો એ ચર્ચા માંગી લે છે. આથી આ મુદ્દે સંબંધિત તમામ જૂથો વચ્ચે સંવાદ દ્વારા જ આ મુદ્દાને ઉકેલવાનો ઉપાય શ્રેષ્ઠ છે. આમાં સ્થળાંતરિત એકલ પુરુષો, જે પણ ગરીબીમાં જીવન વ્યતિત કરે છે, તેમનાં પ્રશ્નો વિશે પણ સંવેદનશીલતા રાખવી જરૂરી છે.
- આ વિસ્તારમાં સક્રિય હોય એવી પોલિસ ધરાવતા પોલિસ સ્ટેશનની જોગવાઈ કરવી. આને કારણે આ વિસ્તારમાં થતી અનૈતિક પ્રવૃત્તિઓમાં ઘટાડો થશે.

- મહિલાઓને સ્વાવલંબી અને હિંસાનો સામનો કરવા માટે સક્ષમ બનાવવામાં બિનસરકારી સંગઠનો મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. મહિલાઓના મુદ્દે કામ કરતી અમુક સંસ્થાઓ આ વિસ્તારમાં છે, અને આ કાર્યને (જેમાં તેમને સ્વબચાવની તાલિમની પદ્ધતિઓ શીખવવાનો, તેમનામાં આત્મવિશ્વાસ પેદા કરવાનો, સ્ત્રીશિક્ષણને ઉત્તેજન આપવાનો સમાવેશ થાય છે.) પણ આ કામો હજી વિસ્તારવા જેવાં છે. (ઘેર બેસીને થતા કામના તેમજ ફેક્ટરીના કામના રોજમાં વધારો,તેમજ વધુ ને વધુ મહિલાઓ સુધી તે વિસ્તરે એવા મુદ્દાઓ). બિનસરકારી સંગઠનોના આ કાર્યને રાજ્યે પણ સહાય કરવાની જરૂર છે. આર્થિક અને સામાજિક રીતે મહિલાઓને સ્વાવલંબી બનવાની પ્રેરણા આપવામાં આવશે ત્યારે તેઓ પોતાના પર થતી હિંસાનો સામનો કરવા અને પડકારવા માટે વધુ મજબૂત સ્થિતિમાં આવશે.

**સંશોધનની પદ્ધતિઓ**

* સ્થાનિક આલેખન (Locality mapping) તથા સમુદાયની રૂપરેખા
* અનૌપચારિક વાતચીત
* ૧૬ ફોક્સ ગ્રુપ ડિસ્કશન્સ (FGDs -સ્ત્રી અને પુરુષો)
* ૨૧ વ્યક્તિગત ચર્ચા
* રાજકીય અગ્રણીઓ તથા નગરપાલિકાના અધિકારીઓ સાથેની મુલાકાતો
* માસ્ટર્સ થિસીસઃ પરિવહન અને સ્ત્રીઓની સલામતી પર આધારિત ૮ FGDs

Funded by

CEPT UNIVERSITY | CENTRE FOR URBAN EQUITY

UKaid from the British people

IDRC | CRDI International Development Research Centre Centre de recherches pour le développement international

Canada

સરનામું : સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (સી.યુ.ઈ.), સેપ્ટ યુનીવર્સીટી, કસ્તુરભાઈ લાલભાઈ કેમ્પસ, યુનીવર્સીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ -380009
ટેલીફોન: 079-630 2740 એક્સટેન્સન ન. 473
વેબસાઈટ : **www.cept.ac.in/cue** ઈમેલ: **cue@cept.ac.in**